
eklavya

ડૉ ઝાકીર હુસેન
ચિત્રો તવિશા સિંહ

# અબ્બૂખાંની બકરી




# અબ્બૂખાંની બકરી

ડૉ ઝાકીર હુસેન

ચિત્રો તવિશા સિંહ

eklavya ARCH







**હિમાલયનું** નામ તો તમે સાંભળ્યું જ હશે. એનાથી મોટો પર્વત દુનિયામાં એકેય નથી. હજારો કિલોમીટર લાંબો અને ઊંચો તો એટલો કે તેની ટોચ આકાશને આંબે! તેની ટોચ પર કોઈ વિરલા જ પહોંચી શક્યા છે – અને એ પણ ટોચને અડકી નથી કે પાછા! આ પર્વતની તળેટીમાં ઘણાં ગામ વસેલાં છે. એવું જ એક ગામ એટલે અલ્મોડા.

અલ્મોડામાં એક મિયાંજી રહેતા. તેમનું નામ હતું અબ્બૂખાં. અબ્બૂખાંને બકરીઓ પાળવાનો જબરો શોખ. એકલા માણસ... એક-બે બકરીઓ પાળે ને આખો દહાડો તેમને ચરાવ્યા કરે. તેમનાં નામ પણ કેવાં અજબગજબ રાખે – કોઈનું ‘કલ્લો’, કોઈનું ‘મંગલી’, કોઈનું ‘હુકમા’, તો વળી કોઈનું ‘ગૂજરી’. એમની સાથે આખો દિવસ ન જાણે શી વાતો કરતા રહે અને સાંજે ઘરે લાવીને બાંધી દે.

અબ્બૂખાં ગરીબ હતા અને વળી પાછા કમનસીબ. તેમની બકરીઓ ક્યારેક ને ક્યારેક તો દોરડું તોડીને ભાગી જ જતી. અલ્મોડા પર્વતમાં વસેલું ગામ, એટલે ત્યાંની બકરીઓ પણ પહાડી જાતની. બંધનમાં રહેવાથી બકરીઓને ગભરામણ થઈ આવતી અને આખરે ભાગીને પર્વત પર જતી રહેતી. ત્યાં એક વરુ રહેતો, તે બકરીઓને ખાઈ જતો. પણ નવાઈની વાત છે કે અબ્બૂખાંનો લાડ, રોજ સાંજે ખાવા મળતા દાણાની લાલચ કે પેલા વરુની બીક, કશું જ આ બકરીઓને ભાગવાથી રોકી ન શકતું. કદાચ, પહાડી જીવ આઝાદ મિજાજના જ હોય છે, તેઓ કોઈપણ ભોગે આઝાદી જતી કરવા રાજી નથી હોતા. મુસીબતો અને જોખમ હોવા છતાં, તેમને આરામ અને સગવડોની કેદ મંજૂર નથી.

જ્યારે કોઈ બકરી ભાગી જાય, અબ્બૂખાં બાપડા માથું પકડીને બેસી જાય. એમને સમજાય જ નહીં કે, ‘હું લીલું લીલું ઘાસ ખવડાવું, ચોરીછૂપે પાડોશીઓનાં ખેતરમાં છોડી મૂકું, સાંજે દાણા આપું છું; તોય કમબખ્ત બકરીઓ પહાડ પર જઈ પેલા વરુને પોતાનું લોહી પાવાનું કેમ પસંદ કરે છે?!’

અબ્બુખાંની બધી જ બકરીઓ આમ એક પછી એક ભાગી ગઈ અને એ બિચારા બહુ ઉદાસ થઈ ગયા. તેમણે મનોમન ગાંઠ વાળી, ‘હવે ક્યારેય બકરી



નહીં પાળું! જિંદગીના થોડા જ દિવસો બાકી છે, ભલે બકરીઓ વગર જ વીતી જાય.' પણ એકલતા આકરી પડી. થોડા દિવસ તો બકરી વગર કાઢી નાખ્યા, પણ છેવટે રહેવાયું નહીં. એક દિવસ અબ્બૂખાં ફરી ક્યાંકથી બકરી ખરીદી જ લાવ્યા. બકરી શું, બચ્ચી જ સમજો! હજુ તો માંડ વરસ-સવા વરસની હશે. પહેલી વાર જ વિયાઈ હતી. અબ્બુખાંને થયું કે, 'નાની ઉંમરની બકરી લઉં તો કદાચ મારી હેવાયી થઈ જાય. એને જો અત્યારથી જ સરસ ચારા-દાણાની ટેવ પડી જાય તો નક્કી, પહાડની દિશા નહીં પકડે.'

બકરી હતી પણ પાછી દેખાવડી. ધોળી-ધોળી, લાંબી રેશમી રૂંવાટી, નાનાં અમથાં કાળાં શિંગડાં અને રાતી આંખો. અબ્બૂખાંએ તેનું નામ પાડ્યું 'ચાંદની'. તે જેટલી દેખાવડી હતી, એટલી જ સ્વભાવે પણ સીધી. જોઈએ તો નાનું છોકરું પણ દોહી લે. ન લાત મારે કે ન દૂધનું વાસણ ઊંધું વાળે. અબ્બૂખાંને તેની માયા થઈ ગઈ. આખો દિવસ તેની સાથે વાતો કરતા રહે. ક્યારેક તેમના કાકા ઘસીટખાંની વાતો કરે, તો ક્યારેક મામા નત્થૂખાંની.



ઘરના સાંકડા આંગણામાં બકરીઓ ગભરાઈ જતી હશે, એમ વિચારીને અબ્બૂખાંએ ચાંદની માટે નવી વ્યવસ્થા કરી. ઘરની પાછળ જ એમનું નાનકડું ખેતર હતું. ખેતર ફરતે એમણે ન જાણે ક્યાં ક્યાંથી લાવીને કાંટાની વાડ કરી હતી, જેથી કોઈ પેસી ન શકે. અબ્બૂખાં ચાંદનીને ત્યાં બાંધતા. ચાંદની ખેતરમાં મોકળાશથી ફરી શકે માટે દોરડું પણ લાંબુ રાખ્યું હતું. આમને આમ ચાંદનીને અબ્બૂખાંના ઘરે ઘણો સમય થઈ ગયો. અબ્બૂખાંને વિશ્વાસ બેસી ગયો કે ચાંદની હેવાયી થઈ ગઈ છે, તે હવે નહીં જ ભાગે.

પણ આઝાદીની ચાહ એટલી જલદી કંઈ ભૂંસાઈ જતી હશે? આંગણાનો ખીલો હોય કે વાડવાળું ખેતર, કેદ તો બધી એકસરખી જ કહેવાય! થોડા દિવસો ભલે ધ્યાન ભટકી જાય પણ આખરે તો પહાડ અને જંગલ જ યાદ આવવા લાગે અને કેદી દોરડું તોડવાની પેરવીમાં લાગી જાય. ચાંદની પહાડની હવા ભૂલી ગઈ છે એવો અબ્બૂખાંનો ખયાલ સાવ ખોટો હતો.

એક પરોઢિયે, સૂરજ હજુ પર્વતની પાછળથી ઊગ્યો પણ ન હતો ત્યારે ચાંદનીની નજર હિમાલય પર પડી. ઘાસ વાગોળતું તેનું મોં અટકી ગયું ને એ વિશાળ ખુલ્લી ટોચને જોતી જ રહી ગઈ. તેને થયું, ‘અહા! શી ભવ્ય છે પહાડની આ ચોટીઓ! ત્યાંની હવા સામે અહીંની હવાની શું વિસાત? ત્યાં છૂટથી ફરવું, કૂદકા મારવા અને ઠેબે ચડવું. અને અહીં? અહીં તો આખો દિવસ બંધાયેલાં! સાલું આઠેય પહોર ગળામાં આ ફંદો! આવડાક ખેતરમાં ખચ્ચર અને ગધેડાં ભલે ચરી ખાતાં, અમને બકરીઓને તો મોકળું મેદાન જોઈએ.’

બસ, આ ઝબકારો થવાની જ વાર હતી. હવે ચાંદની અબ્બૂખાંની ડાહી-ડમરી બકરી ન રહી. તેને ન પાણી ભાવતું, ન કૂણું ઘાસ ભાવતું, ન અબ્બૂખાંની લાંબી લાંબી વાતોમાં તેનું મન ચોંટતું. દિવસે દિવસે તે વધુ ને વધુ દુબળી પડવા માંડી. તેનું દૂધ પણ ઘટી ગયું. આખો દિવસ તે પહાડોને તાકતી રહેતી, દોરડું ખેંચતી અને ‘મેં-મેં’ કરાંજતી.

અબ્બૂખાંને સમજાઈ ગયું કે ચોક્કસ કોઈ વાત છે, પણ શી વાત છે એ સમજાતું ન હતું. એક દિવસ સવારે અબ્બૂખાંએ દૂધ દોહી લીધું પછી ચાંદનીએ એમની તરફ મોઢું કર્યું અને પોતાની બકરીવાળી ભાષામાં કહ્યું, “અબ્બૂખાં,



જો હવે હું તમારી સાથે રહીશ તો હું બીમાર પડી જઈશ. મને તો તમે પહાડ પર જ જવા દો." અબ્બૂખાં બકરીની ભાષા સમજવા લાગ્યા હતા. બૂમ પાડીને બોલ્યા, "હે અલ્લાહ! આ પણ જતાં રહેવાની વાત કરે છે, આ પણ..!" આઘાતમાં ને આઘાતમાં જેમાં દૂધ દોહેલું, તે માટીની લોટી અબ્બૂખાંના હાથમાંથી પડી ગઈ અને તેના કટકે-કટકા થઈ ગયા.

અબ્બૂખાં ચાંદની પાસે જ ઘાસ પર બેસી પડ્યા અને અત્યંત દુઃખી અવાજે પૂછ્યું, "કેમ દીકરા ચાંદની, તું પણ મને છોડી દેવા માંગે છે?"

ચાંદનીએ જવાબ આપ્યો, "હા, અબ્બૂખાં મિયાં, ચાહું તો છું."

"શું તને ચારો નથી મળતો? કે દાણા નથી ભાવતા? વાણિયાએ સડેલા દાણા ભેળવ્યા છે કે શું? હું આજે જ બીજા દાણા લઈ આવીશ."

"ના રે મિયાં, મને દાણાની કોઈ તકલીફ નથી." ચાંદનીએ જવાબ આપ્યો.

"તને દોરડું ટૂંકું પડે છે? હું હજી લાંબું કરી દઈશ."



ચાંદનીએ કહ્યું, “એનાથી શો ફાયદો?”

“તો આખરે શી વાત છે? શું ચાહે છે તું?”

ચાંદની બોલી, “કંઈ નહીં, બસ તમે મને પહાડ પર જવા દો.”

અબ્બૂખાંએ કહ્યું, “અરે કમબખ્ત, તને ખબર પણ છે કે ત્યાં વરૂ રહે છે? એ આવી જશે તો શું કરીશ તું?”

“અલ્લાહે બે શિંગડાં આપ્યાં છે. એના વડે હું એને મારીશ.” ચાંદનીએ જવાબ વાળ્યો.

“હા...હા,”, અબ્બૂખાં બોલ્યા, “હા, જરૂર! વરૂ પર તારાં શિંગડાંની જ અસર થવાની ને! એ મારી કેટલીય બકરીઓ ઓહિયાં કરી ગયો છે. એમના શિંગડાં તો તારા કરતા પણ મોટાં હતા. અરે! તું કલ્લોને ઓળખતી પણ નથી. એ ગયા વરસે અહીં હતી. બકરી તો શેની કહેવાય, હરણ હતી હરણ, કાળું હરણ! આખી રાત શિંગડાંથી વરૂ સામે લડી. પણ સવાર પડતાં વરુએ તેને પકડી લીધી એને અને ખાઈ ગયો.”

ચાંદનીએ કહ્યું, “અરે રે, બિચારી કલ્લો! ખેર, એનાથી શું અબ્બૂ મિયાં! મને તો તમે પહાડ પર જવા જ દો.”

અબ્બૂખાં અકળાયા અને બોલ્યા, “હે અલ્લાહ, આ પણ જાય છે. આ મારી એકની એક વહાલી બકરી અને તે પણ પેલા વરૂના પેટમાં જતી રહેવાની? પણ... નહીં નહીં, હું આને જરૂર બચાવીશ. કમબખ્ત એહસાનફરામોશ, તારા ઇરાદાની હવે મને ખબર પડી ગઈ છે. હવે પછી હું તને ઓરડીમાં જ બાંધી રાખીશ, નહીંતર લાગ જોઈને તું ભાગી જશે. તારી મરજીની ખિલાફ પણ હું તને બચાવીશ જ!”

અબ્બૂખાંએ ચાંદનીને ખૂણામાં આવેલી એક ઓરડીમાં પૂરી દીધી. ઉપરથી સાંકળ ચઢાવી દીધી. પણ ગુસ્સા અને અકળામણમાં ઓરડીની બારી બંધ કરવાનું ભૂલી ગયા. અહીં એમણે સાંકળ ચઢાવી અને ત્યાં ચાંદની કૂદીને બારીની બહાર, એ... એ... ગઈ!



ચાંદની પહાડ પર પહોંચી ગઈ! એના આનંદની તો વાત જ શી કરવી... પહાડ ઉપર વૃક્ષો એણે પહેલાં પણ જોયેલાં, પણ આજે તો એના રંગ કંઈક જુદા જ લાગતા હતા. એને લાગતું હતું જાણે બધાં ઊભાં રહી એને મુબારકબાદ આપી રહયાં છે કે, 'તું ફરી અમને આવીને મળી!' ચારેકોર સેવંતીના ફૂલ ખિલખિલાટ કરી રહ્યાં હતાં. ક્યાંક ઊંચું ઊંચું ઘાસ એને ગળે ભેટી રહ્યું હતું. આખાય પહાડનો આનંદ માતો નહોતો, જાણે વિખૂટી પડી ગયેલી બાળકી મળી આવી હોય!





અને ચાંદનીની ખુશીની તો વાત જ ન પૂછો! ન ફરતે કાંટાળી વાડ, ન ખૂંટો, ન દોરડું અને નહીં ચારો! એવી એવી જડીબુટ્ટીઓ કે અબ્બૂખાં ભરપૂર પ્રેમ હોવા છતાં કેમેય લાવી શકવાનો ન હતો. ચાંદની કોકવાર અહીં ઠેકડા મારે તો કોકવાર ત્યાં. કયારેક ખડક પર કૂદકો મારે, તો ક્યારેક ખાડો ઠેકે. જરાક લપસે કે તરત સાચવી લે. ચાંદની આવી જવાથી આખાય પહાડ પર રોનક આવી ગઈ હતી. એવું લાગતું હતું કે જાણે અબ્બૂખાંની દસ-બાર બકરીઓ છૂટીને અહીં આવી ચડી છે.

ઘાસ મોઢામાં લઈ ચાંદનીએ માથું ઊંચું કર્યું ત્યાં તો તેની નજર અબ્બૂખાંના ઘર અને કાંટાળી વાડ પર પડી. એ જોઈને ચાંદનીને હસવું આવી ગયું. તે મનોમન બોલી, "ખુદા, કોઈ જુએ તો! આવડું અમથું ઘર અને કેવડો નાનો ઘેરો. હે અલ્લાહ, આટલા દિવસો હું ત્યાં કેવી રીતે રહી?" પહાડની ટોચ પરથી એ નાનકડા જીવને નીચેની તમામ દુનિયા તુચ્છ લાગી.

ચાંદની માટે આ દિવસ પણ અજબનો હતો. બપોર સુધી તો એટલા ઠેકડા માર્યા જેટલા કદાચ આખા જીવનમાં નહીં માર્યા હોય. ઢળતી બપોરે પહાડી બકરીઓનું એક ટોળું આવ્યું. ટોળાની બકરીઓએ એને પાસે બોલાવી અને ખબર અંતર પૂછ્યાં. ટોળામાં કેટલાક જુવાન બકરાઓ પણ હતા. એમણે પણ ચાંદનીની આગતા-સ્વાગતા કરી. એમાં એક કાળા રંગનો બકરો હતો જેના શરીરે ધોળાં ટપકાં હતા. ચાંદનીને પણ એ ગમી ગયો અને બેઉ ઘણીવાર સુધી અહીંતહીં ફરતાં રહ્યાં. એમની વચ્ચે ન જાણે કેટલીય વાતો થઈ. બીજું તો કોઈ જોડે હતું નહીં. પાસે એક ઝરણું હતું, એણે કદાચ વાતો સાંભળી હોય. કોઈક ક્યારેક એ ઝરણા પાસે જાય અને એ વાતો વિષે પૂછે તો કદાચ ખબર પડે. તો પણ શી ખબર, એ ઝરણું પણ કદાચ કહે નહીં. એકની વાત બીજાને કહેવી એ કંઈ સારું નથી.

ખેર, બકરીઓનું ટોળું તો ક્યાંય નીકળી ગયું. એ જુવાન બકરો પણ આમતેમ ફરીને પોતાના સાથીઓ સાથે ભળી ગયો. ચાંદનીને તો હજુ સ્વતંત્ર રહેવાની એટલી તીવ્ર ઇચ્છા હતી કે ટોળાની સાથે ભળી, જાત પર કોઈ બંધન નાખવાનું એને મંજૂર ન હતું.

હવે સાંજ પડી ગઈ હતી. ઠંડા વાયરા શરૂ થવા લાગ્યા. આખોય પહાડ લાલ રંગનો દેખાવા લાગ્યો. ચાંદનીએ કહ્યું, "અરે, અત્યારથી જ સાંજ!" નીચે અબ્બૂખાંનું ઘર અને પેલો કાંટાળો ઘેરો, બેઉ રાતના ધુમ્મસમાં ઢંકાઈ ગયા હતા. નીચે કોઈ ગોવાળ પોતાની બકરીઓને વાડામાં પૂરવા જઈ રહ્યો હતો. એમના ગળે બાંધેલી ઘંટડીઓ રણકી રહી હતી. ચાંદની આ રણકારને બરાબર ઓળખતી હતી. તે સાંભળીને એ ઉદાસ જેવી થઈ ગઈ.

ધીમે-ધીમે અંધારું ઘેરાવા લાગ્યું. ત્યારે પહાડ તરફથી એક અવાજ સંભળાયો "ખોં ખોં." આ અવાજ સાંભળી ચાંદનીને વરૂનો ખ્યાલ આવ્યો. આખા દહાડામાં એકેય વાર એનું એ તરફ ધ્યાન જ નહોતું ગયું. નીચેથી સીટીઓ અને બ્યૂગલના અવાજ આવતા હતાં. એ તો બિચારા અબ્બૂખાં હતા, જે છેલ્લો પ્રયત્ન કરી રહ્યા હતા કે કદાચ આ સાદ સાંભળી ચાંદની પાછી વળી જાય.

પેલી બાજુ અબ્બૂખાં પોકારી રહ્યા હતા, "પાછી ફર, પાછી ફર…"; આ બાજુ પેલા ઘાતકી વરૂનો અવાજ આવી રહ્યો હતો.

ચાંદનીને પાછા વળવાનો વિચાર ઝબક્યોય ખરો, પણ તેને પેલો ખૂંટો યાદ આવ્યો, પેલું દોરડું યાદ આવ્યું, કાંટાળો ઘેરો યાદ આવ્યો. એણે વિચાર્યું કે તે જિંદગી કરતાં તો આ મોત ભલું. આખરે સીટી અને બ્યૂગલના અવાજ બંધ થયા. પાછળ પાંદડાંનો ખખડાટ સંભળાયો. ચાંદનીએ પાછળ વળીને જોયું તો બે કાન દેખાયા – ટટ્ટાર ઊભા અને બે આંખો – અંધારામાં ઝગારાં મારતી. વરૂ આવી ચઢ્યો હતો!





એની નજર ચાંદની પર મંડાયેલી હતી. પણ એને ઉતાવળ નહોતી. એને ખબર જ હતી કે બકરી હવે જશે ક્યાં? જ્યારે ચાંદનીએ એના ભણી નજર કરી તો તે હસ્યો અને બોલ્યો, “ઓહો! અબ્બૂખાંની બકરી છે? તને તો ખૂબ ખવડાવી-પિવડાવીને તગડી કરી છે.” એમ કહી પોતાની લાલ-લાલ જીભડી ભૂરા-ભૂરા હોઠ પર ફેરવી. અબ્બૂખાંએ સંભળાવેલી કલ્લોની વાત ચાંદનીને યાદ આવી. એણે વિચાર્યું, “હું શું કરવા અમસ્તી આખી રાત લડીને સવારે મારો જીવ આપું? હાલ જ કેમ મારી જાતને વરૂને ન સોંપી દઉં?”


પણ પછી ચાંદનીએ પેંતરો બદલ્યો – માથું નીચું કર્યું, શિંગડાં કાઢ્યાં અને વરૂની સામે આવી ગઈ – બહાદુરોની તો આ જ રીત છે. રખેને કોઈ એમ સમજી બેસે કે ચાંદનીને પોતાની હેસિયતની ખબર નહોતી અથવા વરૂની તાકાતનો અંદાજ નહોતો. તે બિલકુલ જાણતી હતી કે બકરીઓ વરૂને ન મારી શકે. એ તો ફક્ત વરૂનો મુકાબલો કરવા ધારતી હતી, હોય એટલા બળથી. એ વિચારતી’તી, ‘હાર-જીત પર તો આપણો કાબૂ નથી, એ તો અલ્લાહના હાથમાં છે. પણ સામનો કરવો – એ જરૂરી છે. જોઉં તો ખરી કે હું પણ કલ્લોની જેમ આખી રાત મુકાબલો કરી શકું છું કે નહીં!’



થોડો સમય પસાર થયો. વરૂ આગળ વધ્યો. ચાંદનીએ પણ શિંગડાં સજ્જ કર્યાં અને પછી તૂટી પડી. તેણે કેવા-કેવા હુમલા કર્યા એ તો વરૂ જ જાણે! કેટલીય વખત એણે વરૂને પાછો પાડી દીધો. આખી રાત આમાં જ વીતી. ક્યારેક-ક્યારેક ચાંદની ઉપર આકાશ તરફ નજર કરી લેતી ને તારાઓને મૂંગેમૂંગું કહી દેતી કે, ‘કાશ! આમ ને આમ સવાર પડી જાય!’

તારાઓ એક પછી એક ગુમ થઈ ગયા. છેલ્લે છેલ્લે ચાંદનીએ જોર બમણું કરી દીધું. વરૂ પણ કંટાળ્યો હતો. તે જ ઘડીએ દૂર સહેજ અજવાળા જેવું દેખાયું. કૂકડાએ બાંગ પોકારી. નીચે મસ્જિદ તરફથી અજાન સંભળાઈ. ચાંદનીએ વિચાર્યું, ‘અલ્લાહ તારો શુકર છે. હું મારી તાકાત જેટલું લડી, હવે તારી મરજી.’ એનો સફેદ વાળનો લિબાસ લોહીઝાણ થઈ ગયો હતો. અજાનના છેલ્લા શબ્દો ‘અલ્લાહો અકબર’ સંભળાયા કે ચાંદની અધમૂઈ થઈ જમીન પર ઢળી પડી. આખરે વરૂએ એને ઝાલી અને ઓહિયાં કરી ગયો.





ઊંચે વૃક્ષો પર બેઠાં બેઠાં ચકલીઓ જોતી હતી. તેમની વચ્ચે વિવાદ ચાલ્યો કે, ‘કોણ જીત્યું?’

બધાં કહે, “વરૂ જીત્યો.” પણ એક ઘરડી ચકલીની જીદ છે કે, “ચાંદની જીતી.”

# અબ્બૂખાંની બકરી

ABBUKHANNI BAKRI

વાર્તા: ડૉ ઝાકીર હુસેન
ચિત્રો: તવિશા સિંહ
વિસ્યુઅલાઇસેશન અને ડિઝાઇન: ઇશિતા દેબનાથ બિસ્વાસ
પ્રકાશન: સુદર્શન આયંગર (અનુવાદ), હર્ષવી પટેલ, બંસી, આર્ચ ટીમ (સંપાદન), પૂર્વી નીસર (ભાષાશુદ્ધિ), ઇન્દુ નાયર અને કમલેશ યાદવ (ઉત્પાદન)

એકલવ્ય, જૂન 2022

આ પુસ્તક ક્રિયેટિવ કૉમન્સના Attribution-Non-Commercial-ShareAlike 4.0 International (CC-BY-NC-SA) લાઇસન્સ અંતર્ગત છે. આનું સંપૂર્ણ વિવરણ https://creativecommons.org/licenses/by-nc-sa/4.0/ પર વાંચી શકાશે.
આ પુસ્તકનો ઉપરોક્ત ક્રિયેટિવ કૉમન્સ લાયસન્સ અંતર્ગત બિન-ધંધાકીય ઉદ્દેશ હેતુ મફત વિતરણ માટે ઉપયોગ કરી શકાશે. આ કરતી વખતે મૂળ સ્રોતના રૂપમાં લેખક, ચિત્રકાર અને પ્રકાશકનો ઉલ્લેખ કરવો અને તેમને સૂચિત કરવા આવશ્યક છે. અન્ય કોઈ પણ પ્રકારના ઉપયોગ માટે પ્રકાશકનો સંપર્ક કરવો.

ચિત્રો © તવિશા સિંહ, 2022


સંસ્કરણ: ઑગસ્ટ 2024 / 1000 પ્રતિ
કાગળ: 100 gsm મેપલીથો અને 220 gsm એફબીબી (પૂઠું)
ISBN: 978-81-19771-83-7
કિંમત: ₹ 80.00

સહપ્રકાશક:

એકલવ્ય ફાઉન્ડેશન (Eklavya Foundation)
જમનાલાલ બજાજ પરિસર, જાટખેડી,
ભોપાલ - 462 026 (મધ્યપ્રદેશ)
ફોન: +91 755 - 297 7770, 71, 72
www.eklavya.in | pitara@eklavya.in

આર્ચ (ARCH)
નગારિયા, ધરમપુર.
વલસાડ - 396 050 (ગુજરાત)
ફોન: +91 98256 51341
arch.dharampur@gmail.com

મુદ્રક: આર કે સેક્યુપ્રિન્ટ્સ પ્રા લિ, ભોપાલ, ફોન: +91 755 268 7589



**ડૉ ઝાકીર હુસેન**

ડૉ ઝાકીર હુસેન જામિયા મિલિયા ઇસ્લામિયા વિશ્વવિદ્યાલયના સંસ્થાપક અને ભારતના ત્રીજા રાષ્ટ્રપતિ હતા. તેઓ શિક્ષણવિદ્ પણ હતા અને તેમણે ઊર્દૂમાં બાળકો માટે ઘણી વાર્તાઓ લખી. તેમને પાક્કો વિશ્વાસ હતો કે, 'બધાં જ બાળકો માટે પહેલાં-વહેલાં પુસ્તકો વિશ્વના જાદુના ખજાનાની ચાવી જેવાં હોય છે.'



**તવિશા સિંહ**

તવિશા એક એવાં ચિત્રકાર છે જે પોતાની આસપાસની ચીજો અને લોકોમાંથી કલાને શોધીને, તેને કાગળ પર ખૂબ સરળતાથી ઉતારી દે છે.



ઘરની ચાર દીવાલો હોય કે કાંટાઓથી ઘેરાયેલું ખેતર – કેદ બધી સરખી જ. કેદમાં એશોઆરામ અને સુખ-સગવડ મળવા છતાં આઝાદ થવાની તમન્ના વારંવાર જાગ્યા જ કરે અને આપણે મુક્ત થવાના રસ્તાઓ શોધ્યા જ કરીએ.

ચાંદનીની સ્થિતિ પણ ઓછાવત્તા અંશે કંઈક આવી જ હતી. પહાડની હવા અને ખુલ્લી ટોચ પળે પળે તેને પોતાની તરફ બોલાવતી હતી. અંતે અબ્બૂખાંનો પ્રેમ, સાંજે મળતા દાણાની લાલચ કે વરુની બીક – કશું જ તેને પહાડો પર જતાં રોકી શક્યું નહીં.

ચાંદનીની પહાડ પર જવાની જીદ અને એનો સંઘર્ષ વાચકોને તેમના પોતાના જીવનમાં રહેલી ખેંચતાણ અને મથામણથી રૂબરૂ કરાવે છે.

કિંમત: ₹ 80.00

eklavya ARCH

9 788119 771837

